**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૩.૦° સે. | ૧૫.૦° સે. |
| આહવા | ૩૪.૦° સે. | ૧૩.૦° સે. |
| વલસાડ | ૩૨.૦° સે. | ૧૪.૦° સે. |
| વાપી | ૩૨.૦° સે. | ૧૪.૦° સે. |



નવસારી મનપાની દેખરેખ હેઠળ રાખેલી ગૌમાતાઓના મોતનો મામલો સામે આવ્યો

# ગાયોના મૃતદેહોને ડમ્પયાર્ડમાં નંખાયા

**ડમ્પયાર્ડમાંથી ગંભીર અનિયમિતતાઓ બહાર આવી**



**ત્રણ** ગૌમાતાઓના મૃતદેહો ઉપરાંત અન્ય જૂના સડેલા મૃતદેહો અને હાડપિંજર જેવી સ્થિતિમાં પશુઓ જોવા મળ્યા

**ગાયો** માટે શાકભાજી માર્કેટમાંથી આવેલો સડેલો કચરો આપવામાં આવતો હોવાનું સામે આવ્યું

નવસારીઃ નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રખડતા પશુઓ માટે દૂધિયા તળાવ પાસે રાખવામાં આવેલા પશુવાડામાં ગૌમાતાઓના મૃત્યુનો મામલો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ અહીં રાખવામાં આવેલી ત્રણ ગાયોનું મૃત્યુ થયું હતું, જેના મૃતદેહોને મ્યુનિસિપલ સ્ટાફ દ્વારા બંદર રોડ સ્થિત ડમ્પયાર્ડમાં લઈ જવાયા હતા.

આ બાબતની જાણ થતાં રાકેશ શર્મા, સાજન ભરવાડ અને મોહિત હિરાણી સ્થળ પર પહોંચ્યા હતા. પશુવાડા ખાતે હાજર કર્મચારીઓએ શરૂઆતમાં કોઈ ઘટના ન બની હોવાનો દાવો કર્યો હતો, પરંતુ સ્થળ પર JCBના ટાયરના નિશાન જોવા મળ્યા હતા. બાદમાં ગૌરક્ષકો દ્વારા બંદર રોડ ડમ્પયાર્ડ ખાતે તપાસ કરતાં ત્રણ ગૌમાતાઓના મૃતદેહો ઉપરાંત અન્ય જૂના સડેલા મૃતદેહો અને હાડપિંજર જેવી સ્થિતિમાં પશુઓ જોવા મળ્યા હોવાનું જણાવાયું છે.

પશુવાડામાં પરત ફરતાં ત્રણ ગાયો ગંભીર રીતે બીમાર હાલતમાં મળી હતી. સ્ટાફના જણાવ્યા મુજબ ડોક્ટરને જાણ કરવામાં આવી હતી, પરંતુ તે સમયે કોઈ સારવાર ઉપલબ્ધ નહોતી. ત્યારબાદ જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. મહેશ પટેલનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જેમની સૂચનાથી બે સરકારી પશુ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચીને સારવાર શરૂ કરાઈ હતી.

ડોક્ટરોએ ગાયોની હાલત માટે ખોરાક અને પાણીની અપૂરતી વ્યવસ્થાને મુખ્ય કારણ તરીકે દર્શાવ્યું હતું. ગૌરક્ષકોને તેમની તપાસમાં જાણવા મળ્યું કે ચાર દિવસમાં અંદાજે 200 પુડા ઘાસ પૂરા પાડવામાં આવતા હતા, જે આશરે 150 ગાયો માટે પૂરતા નથી. ઉપરાંત ગાયો માટે શાકભાજી માર્કેટમાંથી આવેલો સડેલો કચરો આપવામાં આવતો હોવાનું પણ સામે આવ્યું છે.

સ્થળ પર લગાવવામાં આવેલા બે CCTV કેમેરા બંધ હાલતમાં હોવાનું નોંધાયું છે. સમગ્ર મામલે ગૌમાતાઓની દેખરેખ, ખોરાક, સારવાર અને વ્યવસ્થાપન અંગે મ્યુનિસિપલ તંત્રની જવાબદારી અંગે પ્રશ્નો ઊભા થયા છે.

---

મહારાષ્ટ્રની વિધાનસભામા ગુંજ્યા બાદ છેલ્લા ત્રણેક વર્ષથી હદ વિવાદ વકર્યો

# મહારાષ્ટ્રની જમીનમાં ઘુસેલા ગુજરાતના લોકોએ બહાર કાઢવાની ચીમકી

**હદ** વિવાદ વચ્ચે ઉમરગામને અડીને આવેલા મહારાષ્ટ્ર બોર્ડરના વેવજી અને ઝાઈ ગામની મનસેના નેતાએ મુલાકાત લીધી

### મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના આંદોલન કરશે

હદ વિવાદ વચ્ચે મહારાષ્ટ્રના વેવજી અને ઝાઈ ગામની મુલાકાત મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પાલઘર જિલ્લાના પ્રમુખ અવિનાશ જાઘવે લીધી હતી. તેમની મુલાકાતને લઈને મહારાષ્ટ્ર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ જોવા મળ્યો હતો. તેમણે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના આ બોર્ડરના ગામના પંચાયતના ઉપસરપંચ સભ્યોના આમંત્રણ પર તેઓ અહીં આવ્યા છે. અહીં મુલાકાત પછી એવુ ચોક્કસ લાગી રહ્યુ છે કે ગુજરાતના લોકોએ મહારાષ્ટ્રની જમીનમાં 800-900 મીટર (એકાદ કિલોમીટર) સુધી ગેરકાયદે પ્રવેશ કર્યો છે ઘૂસણખોરી કરી છે. સરકાર આમાં ધ્યાન આપી રહી નથી. આ શું ભારત અને ચીનની કોઈ લડાઈ છે કે શું એવો સવાલ પણ તેમને કર્યો હતો. અને મહારાષ્ટ્ર જમીનની ઘુસણખોરી અંદર પ્રવેશ કર્યો હશે તો બહાર તો જવું જ પડશે. સાથે સાથે તેમણે એવી પણ ચીમકી ઉચ્ચારી હતી કે આગામી દિવસોમાં આ મુદ્દે મહારાષ્ટ્ર નવ નિર્માણ સેના જરૂર પડશે તો આંદોલન પણ કરશે.

ઉમરગામ : હદ વિવાદ વચ્ચે ઉમરગામને અડીને આવેલા મહારાષ્ટ્ર બોર્ડરના વેવજી અને ઝાઈ ગામની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતાએ મુલાકાત લીધી હતી. અને મહારાષ્ટ્રની જમીનમાં ગુજરાતના લોકોએ ઘૂસણખોરી કરી હશે તો બહાર કાઢવાની ચીમકી ઉચ્ચારતા ખળભળાટ મચી જવા પામી હતી. અને અહીં વસતા લોકોમાં ચિંતા જોવા મળી રહી છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્ય 1960 માં અલગ થયા બાદ આમ તો એકંદરે સરહદને લઈને કોઈ વિવાદ ન હતો. પરંતુ છેલ્લા થોડા વર્ષોથી મહારાષ્ટ્ર ગુજરાતની બોર્ડર ઉપર વસેલા ગામો તલાસરી તાલુકાનું વેવજી ગામ અને ગુજરાતના ઉમરગામ તાલુકાનું સોલસુંબા ગામ તથા મહારાષ્ટ્રના ઝાઈ બોર્ડરને અડીને આવેલું ગુજરાતનું ગોવાડા ગામમાં હદ વિવાદ મહારાષ્ટ્રની વિધાનસભામા ગુંજ્યા બાદ આને લઈને છેલ્લા ત્રણેક વર્ષથી હદ વિવાદ વકર્યો છે.

મહારાષ્ટ્રના લોકોનુ માનવુ છે કે મહારાષ્ટ્રની હદમાં ગુજરાતના લોકોએ ઘુસણખોરી કરી છે અને ઘણા લોકો વસવાટ કરી રહ્યા છે. આ તરફ ગુજરાતના લોકોનું પણ માનવું છે કે બોર્ડરના ગામના મહારાષ્ટ્રના લોકોએ ગુજરાતમાં ઘુસણખોરી કરી છે અને જમીન પાણી લાઈટ વાપરી રહ્યા છે. આમ થોડા વખતથી હદ વિવાદે જોર પકડ્યું છે. જેને લઈને બોર્ડરના ગામોના લોકોને આગળ શું થશે તેની ચિંતા સતાવી રહી છે. હાલમાં જ મહારાષ્ટ્રના અધિકારીઓ તથા ગુજરાતના અધિકારીઓની ઉપસ્થિતિમાં બંને દ્વારા માપણી હાથ ધરવામાં આવી હતી.

---

# ‘અહીંથી જતા રહો નહીં તો જાનથી મારી નાખીશું’

**વિજલપોરમાં** મારામારી કરી તોડફોડ કરનારા ચાર સામે ગુનો દાખલ

નવસારી : વિજલપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામનગર-૩, બંસી સોસાયટી પાછળ મારામારી, તોડફોડ અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ફરિયાદી રાજેન્દ્ર અધવરામ યાદવે (ઉ.વ. ૩૬, રહે. રામનગર-૩, વિજલપોર)એ નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓ અર્જુન ઈશ્વરભાઈ પાટીલે, સતીષ રામુ ચોરસીયા, પ્રદીપ સાહેબ યાદવ અને પ્રેમકુમાર અભિષેક ઝાએ ઝઘડો કર્યો હતો. ઝઘડા દરમિયાન આરોપી અર્જુન ઈશ્વરભાઈ પાટીલે લાકડાથી માર મારી ફરિયાદીના સાળા રવિ યાદવના બંને હાથના કાંડા ભાગે ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપીઓએ ફરિયાદીના ઘરમાં ઘૂસી પંખો, લોખંડનો કબાટ, ખુરશી સહિતની ઘરવખરીની તોડફોડ કરી હતી. જેને રોકવા જતા ફરિયાદી તથા તેમના સાળા ધ્રુવ યાદવને લાકડાના ફટકા મારવામાં આવ્યા હતા. બનાવ દરમિયાન આરોપીઓએ “અહીંથી જતા રહો નહીં તો જાનથી મારી નાખીશું” તેવી ધમકી આપી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કર્યાનું ફરિયાદમાં જણાવાયું છે. વિજલપોર પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. હાલ એ.એસ.આઈ. જયેશભાઈ અભેસંઘ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### નવસારીમાં ઘરફોડ ચોરીનો આરોપી ઝડપાયો

નવસારીઃ નવસારી એલસીબીની તપાસ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ અર્જુનભાઈ પ્રભાકરભાઈ, વિજયભાઈ મોહનભાઈ અને નિલેશભાઈ રતિલાલને મળેલી ચોક્કસ બાતમીના આધારે એલ.સી.બી. ટીમે કાર્યવાહી કરી હતી. આ બાતમી મુજબ નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપી મુકીમુદીન ઉર્ફે ચાચા જૈનુદ્દીન કાઝી (ઉ.વ. 38) ને સુરત જિલ્લાના ઉધના વિસ્તારમાં આવેલા સંજય નગર ઝુપડપટ્ટીમાં તેના રહેણાંક પરથી ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી સામે અગાઉ વિજલપોર, કીમ, જલાલપોર તથા નવસારી ટાઉન પોલીસ સ્ટેશનોમાં ચોરીના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. આરોપીને પકડી નવસારી ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

---

# બેંક એકાઉન્ટ ભાડે આપનાર સાળા-બનેવી સામે કાર્યવાહી

**મળતિયાઓના** કહેવાથી ફ્રોડના રૂપિયા 2.27 લાખ બેંક એકાઉન્ટોમાં જમા કર્યા હતાં

### વાપીના ઝૈદ ઉર્ફે સાનુ હનીફ શેખ સામે ગુનો બહાર આવ્યો

વલસાડ-વાપીની કોટક મહિન્દ્રા બેંકના એક ખાતા ઉપર મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં સાયબર ફ્રોડની ફરિયાદ થયેલી હતી. જેમાં રૂપિયા 2 લાખનું ટ્રાન્ઝેક્શન થયેલું હતું. જેથી વાપી ટાઉન પોલીસે તપાસ કરી ખાતાધારક ફરહાન સલીમ ઘાંચી (રહે. કંચન નગર, વાપી)ને પોલીસ સ્ટેશન બોલાવી પૂછપરછ કરતા તેણે જણાવેલું કે, તેના જીજાજી ઝૈદ ઉર્ફે સાનુ હનીફ શેખ (રહે. વૈશાલી રોડ, શેખ કોમ્પ્લેક્સ, વાપી) ને સાયબર ફ્રોડના નાણા વિડ્રો કરવા માટે બેંક એકાઉન્ટની જરૂર હોય તથા કમિશન આપવાનું નક્કી કરતા ખાતુ આપી જમા થતી રકમ ઉપાડી તેના જીજાજીને આપતા હતાં. તેણે અલગ-અલગ રાજ્યમાં સાયબર ફ્રોડના 5,15,000 જમા મેળવ્યા હતાં. પોલીસે ઝૈદ ઉર્ફે સાનુ શેખને વોન્ટેડ બતાવી ગુનો નોંધ્યો હતો. પોલીસ તપાસમાં વોન્ટેડ ઝૈન ઉર્ફે સાનુ હનીફ શેખને સાયબર ફ્રોડના નાણા વિડ્રો કરવા માટે તેના બંને સાળા નોમાના ઈલીયાસ ઘાંચી તથા ફરહાન સલીમ ઘાંચી (રહે. કંચન નગર, વાપી)ના બેંક એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો.

વાપી : સાયબર ફ્રોડના નાણા માટે બેંક એકાઉન્ટ આપનાર વાપીમાં રહેતા બનેવી તથા રાજસ્થાનમાં રહેતા સાળા સામે વાપી ઉદ્યોગનગર પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. કુલ રૂપિયા 2.27 લાખ મળતિયાઓના કહેવાથી બેંક એકાઉન્ટોમાં ફ્રોડના નાણા સગેવગે કરતા હતાં.

વાપી ઉદ્યોગનગર પોલીસને મળેલી માહિતી આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં વાપી બ્રાંચ કોટક મહિન્દ્રા બેંક ચલાનું ખાતુ શંકાસ્પદ લાગતા વિગતો તપાસ કરતા ખાતાધારક નરેશ દુદાદરામ માલી (રહે. સંતોષ પ્લાઝા, જનતા ફ્રૂટની બાજુમાં, વાપી) હોવાનું અને તે બેંક એકાઉન્ટ ઉપર અલગ-અલગ રાજ્યમાં સાયબર ફ્રોડ કમ્પ્લેન થયેલી હતી.

આ અંગે ખાતાધારક નરેશ માલીની પૂછપરછમાં જણાવ્યું કે, ગુંજનમાં તેની મોબાઈલની દુકાન છે. ફોઈનો દિકરો રાહુલ માલી (રહે. રાજસ્થાન) રહેવા આવેલો હતો અને રાહુલે જણાવ્યું હતું કે, ફીફ્ટી ફાઈવ કલબ એપ્લિકેશન મારફત રૂપિયા 2 લાખ જીત્યા છે જે તમારા સાળા આકાશ માલી (રહે. રાજસ્થાન)ના કોટક બેંકમાં વિડ્રો કરેલા છે. આ પૈસા ખાતામાંથી કાઢી લો નહીં તો સાયબર કમ્પ્લેઈન થઈ જશેનું જણાવ્યું હતું. જે બાદ સાળા આકાશને જણાવતા તેણે રૂપિય 25 હજાર ટ્રાન્સ્ફર કર્યા હતા. આ ઉપરાંત રૂપિયા 91 હજાર ટ્રાન્સફર કરેલા અને બચેલી રકમ રાહુલ માલીના કહેવાથી તેના નાના ભાઈ રવિ માલીના ખાતામાં જમા કરાવેલી હતી.પોલીસ તપાસમાં અલગ-અલગ રાજ્યમાં સાયબર ફ્રોડના 2,27,995 એકાઉન્ટોમાં મેળવી આકાશના બંગાળ, દિલ્હીમાં ટ્રાન્સફર તથા વિડ્રો કરી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

# વલસાડના સાયબર ઠગના 3 દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

**યુએસ** ડોલર, ટ્રાવેલ, ઇલેક્ટ્રોનિક્સ સાધનોના બહાને લાખો રૂપિયાની ઠગાઇ કરી હતી

### ઠગ હેમંત સામે ચેક બાઉન્સના અનેક કેસ

વલસાડના ઠગ હેમંતે અનેક લેણદારોને ચેક લખી આપ્યા હતા. જેના પગલે તેની સામે 138ના અનેક કેસ ચાલી રહ્યા હતા. આ કેસના સમન્સ પણ તે સ્વીકારતો ન હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ પણ તે સમન્સ નહી, સ્વીકારી કોર્ટમાં જતો જ ન હતો. તેના આવા વલણ છતાં તે હંમેશા બચી જતો હતો. જોકે, એક વખત રેમડેસીવીર ઇન્જેક્શનના કેસમાં તેની વિરૂદ્ધ પોલીસ મથકે ગુનો દાખલ થયો હતો.



વલસાડ : વલસાડ પોલીસે સાયબર ઠગોને નાથવા શરૂ કરેલી ઝુંબેશમાં મ્યુલ એકાઉન્ટ ધારક વલસાડના ઠગ હેમંત સાંવરિયાને પકડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. જેની વધુ તપાસ માટે પોલીસે તેના 3 દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

પોલીસે મ્યુલ એકાઉન્ટની તપાસ કરતાં વલસાડનો હેમંત વાલજી સાંવરિયાનું નામ મોખરે જણાયું હતુ. જેની વિરૂદ્ધ 15 એકાઉન્ટ ટ્રાન્ઝેક્શન પકડી પાડ્યા હતા. જેમાં યુએસડીટી, ઇલેક્ટ્રોનિક્સ આઇટમો, ટ્રાવેલ પ્લાન આપવાના બહાને તેણે લાખો રૂપિયાની ઠગાઇ કરી હતી. જેથી પોલીસે તેની ધરપકડ કરી હતી. ઠગ હેમંત સાંવરિયા વિરૂદ્ધ પોલીસે રૂપિયા 4.91 લાખની જ ફરિયાદ દાખલ કરી છે. પરંતુ આ ઠગે શહેરમાં જ નહીં દેશભરમાં લાખો રૂપિયાનું ફૂલેકું ફેરવ્યું છે. જેની સામે વખતો વખત વલસાડ સિટી પોલીસ મથકે પણ અરજી થતી જ રહેતી હોય છે. જેની વધુ તપાસ થાય એ માટે પોલીસે તેને કોર્ટમાં રજૂ કર્યો હતો. જેના પગલે કોર્ટે તેના 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

હવે આ રિમાન્ડ પિરિયડમાં પોલીસ તેની પાસેથી તેના કેટલા ગુના કબૂલાવે કે પછી લોકોની જેમ આ ઠગ પોલીસને પણ ઠગી જશે એ જોવું રહ્યું.

---

# બેંકોમાં ખાતા ખોલાવડાવી સાયબર ફ્રોડ કરનાર ઝડપાયો

**સાયબર** ફ્રોડના 1 લાખના ટ્રાન્જેક્શન પર રૂપિયા 5000 ની લાલચ આપનાર મુખ્ય સૂત્રધાર વોન્ટેડ

પારડી : પારડી પોલીસે સાયબર ફ્રોડના નાણા સગેવગે કરવા અલગ અલગ બેંકોમાં ખાતા ખોલાવડાવી સાયબર ફ્રોડ ઠગાઈના રૂપિયા જમા કરતા બે ઇસમ વિરુદ્ધ ગુનો દાખલ કરી 1 ઈસમને ઝડપી પાડ્યો હતો. પારડી પોલીસ સમન્વય પોર્ટલ પર મ્યુલ બેંક એકાઉન્ટોના ઈનપુટ ઉપર ખાતાઓની તપાસ કરી રહી હતી. જેમાં વાપીની કોટક મહેન્દ્ર બેંકમાં એક ખાતાની માહિતી મંગાવતા ખાતાધારક કલાવતી દિલીપ હળપતિ (રહે. ઉમરસાડી માછીવાડ)ના ખાતાની તપાસ કરતા મહારાષ્ટ્ર પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડ કમ્પ્લેનની માહિતી મળી હતી. જે બેંક ખાતામાં રૂપિયા 2.23 લાખ તથા રૂપિયા 6 લાખ જેટલી રકમ ટ્રાન્જેક્શન થયેલી હતી. આ અંગે તપાસ કરવા કલાવતીબેનની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે તેનો જમાઈ ગણેશ બાબુ નાયકા (રહે તીઘરા તા.પારડી)એ વાપી લઈ જઈ ખાતું ખોલાવી એટીએમ, ચેકબુક, પાસબુક લઈ લીધી હતી. જે બાદ ગણેશ નાયકાએ તેના મિત્ર મિતેશ દીપક પટેલ (રહે. પારનેરા વલસાડ)એ સાયબર ફ્રોડના એક લાખના ટ્રાન્જેક્શન ઉપર રૂપિયા 5000 ની લાલચ આપતા ગણેશ નાયકાએ હા પાડી હતી. જેથી ગણેશની પત્ની, તેની સાસુ, સંબંધી સહિતના બેંકોમાં ખાતાઓ ખોલાવ્યા હતા. એટીએમ, પાસ બુક, ચેકબુક મિતેશ પટેલને આપી બેંકમાં વહીવટ કરતા હોવાનું કબૂલ્યું હતું. આ દરમિયાન કુલ રૂપિયા 17.22 લાખ રકમ ટ્રાન્જેક્શન થઇ હતી. જે પૈકી રૂપિયા 14.40 લાખ જેટલી રકમ ચેક તથા એટીએમ મારફતે વિડ્રો થયેલી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે સાયબર ફ્રોડ હેઠળ બંને વિરુદ્ધ ગુનો નોંધી ગણેશ હળપતિને ઝડપી પાડ્યો હતો. જ્યારે લાલચ આપનાર મુખ્ય સૂત્રધાર મિતેષ પટેલ વોન્ટેડ છે. જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

---

# ધરમપુરમાં ખેડૂતોને મફત સોલાર મુદ્દે જીઈબીની 40 ટકા રકમ ભરવાની નોટિસ

ધરમપુર : ધરમપુરમાં પ્રધાનમંત્રીની PM KUSUM યોજનામાં ખેડૂતોને જે મફત સોલાર આપવાની વાત હતી અને જેમાં GEB વિભાગ ધરમપુર દ્વારા 40% રકમ ભરવાની નોટિસ આપવામાં આવી છે. જે બાબતે આજરોજ હનમતમાળ, હતનબારી, બોપી, ખામદહાડ, મનાઈચોંઢી, ગડી બિલધા, વણખાસ, ખાંડા, શિશુમાળ, ભવાડા, ગામના ખેડૂતો સાથે નાયબ કાર્યપાલક ઈજનેર ધરમપુર ડિવિઝન-2, કલેક્ટર વલસાડ અને પ્રાંત અધિકારી ધરમપુરને હનમતમાળના સરપંચ વિજયભાઈ, બોપીના સરપંચ બાલુ જાદવ તથા સામાજિક આગેવાન ચેતનભાઈ અને ખેડૂતો સાથે રજુઆત કરવામાં આવી હતી. આ યોજનામાં ફોર્મ ભર્યું ત્યારે જે તે વિભાગ દ્વારા ખેડૂતોને મફત સોલાર આપવામાં આવશેની વાત કરવામાં આવી હતી, પરંતુ હાલે ૪૦ ટકા રકમ ભરવાની વાત હોય જે બાબતે આ વિસ્તારનો એક પણ ખેડૂત પૈસા ભરવા માટે સક્ષમ નથી. જેથી પીએમ કુસુમ યોજનામાં ખેડૂતો સાથે છેતરપિંડી થઈ હોય એવી ભીતિ દેખાઈ રહીં છે. ખેડૂતોએ માંગણી કરી છે કે જે પીએમ કુસુમ યોજનામાં મફત સોલાર આપવાની વાત હતી, એ જ તમામ ખેડૂતોને આપવામાં આવે, તેવી માંગ કરી હતી.

# નવસારીના કેસમાં SSVBના ચેરમેનને મોટો ઝટકો

**ચેક** બાઉન્સ મામલે 2 વર્ષની સાદી કેદ અને રૂ.26 લાખ દંડની સજા જિલ્લા કોર્ટે યથાવત રાખી

નવસારી : નવસારીના ચર્ચાસ્પદ કેસમાં SSVB (એસ.એસ.વી.બી.) ના ચેરમેન રંગ પ્રકાશ પોલને જિલ્લા કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. ચેક બાઉન્સ કેસમાં નીચલી અદાલતે ફટકારેલી 2 વર્ષની સાદી કેદ તથા રૂપિયા 26 લાખ દંડની સજા સામે દાખલ કરાયેલી અપીલને નવસારી જિલ્લા અદાલતે નામંજૂર કરી સજા યથાવત રાખી છે.

કેસની વિગતો મુજબ, આરોપી રંગ પ્રકાશ પોલે એસ.એસ.વી.બી. બિઝનેસ ઈન્ડિયા લિ.ના ચેરમેન તરીકે ફરજ બજાવતા સમયે નવસારીના દસ્તુરવાડ વિસ્તારમાં રહેતા ફરીયાદી અનવરલી અબ્દુલ કાપડિયાને કંપનીમાં રોકાણ કરવાથી વધુ નફો મળશે તેવી લાલચ આપી હતી. આ લાલચમાં આવી ફરીયાદીએ મોટી રકમ કંપનીમાં રોકાણ કરી હતી. બાદમાં આરોપી તરફથી રૂપિયા 13 લાખનો ચેક આપવામાં આવ્યો હતો, જે બેંકમાં રજૂ કરતાં બાઉન્સ થયો હતો. ચેક બાઉન્સ થયા બાદ ફરીયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કાયદેસરની નોટિસ પાઠવી હતી, છતાં આરોપી તરફથી નક્કી સમયમર્યાદામાં રકમ ચૂકવવામાં ન આવતા નવસારીના બીજા વધારા મેજિસ્ટ્રેટ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. કેસની ટ્રાયલ પૂર્ણ થયા બાદ મેજિસ્ટ્રેટ કોર્ટે આરોપીને દોષિત ઠેરવી 2 વર્ષની સાદી કેદ અને રૂપિયા 26 લાખ દંડની સજા ફટકારી હતી.

આ ચુકાદા સામે આરોપીએ જિલ્લા કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જિલ્લા કોર્ટે બંને પક્ષોની દલીલો, દસ્તાવેજી પુરાવા અને કાયદાકીય પાસાંની વિગતવાર ચર્ચા બાદ નીચલી કોર્ટનો ચુકાદો યોગ્ય અને કાયદેસર હોવાનું જણાવી અપીલ નામંજૂર કરી છે. આ ચુકાદા બાદ ચેક બાઉન્સ અને નાણાકીય છેતરપિંડીના કેસોમાં અદાલતોની કડક વૃત્તિનો વધુ એક દાખલો સામે આવ્યો હોવાનું કાનૂની વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

---


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**PRESIDENT PEST CONROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**વ્યસન છોડાવા ઘરે**
પાવડર- ટીપા અજમાવ્યા ? નશો ન છૂટયો ? અમને ચાન્સ આપો, અમે છોડાવીશું, સેકન્ડ ચાન્સ રિહેબ. સુરત. સાચી સારવાર. 9978071218

**ઓમશિવ ટ્રાવેલ્સ**
17 રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 25 રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) (અંબાજી, મોઢેરા, બહુચરાજી, સારંગપુર) 24- રાત્રે, (ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (રણઉત્સવ, કચ્છ, માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

**હોમાત્મક - સુંદરકાંડ દ્વારાં આર્થિક - માનસિક - શારીરિક વાસ્તુ દોષ સમસ્યા નિવારણ**
99987 87143

**નોકરી વિષયક**

**દાંતના દવાખાના માટે**
જોઈએ છે (૧) ડેન્ટલ આસિસ્ટન્ટ (પાર્ટ ટાઈમ) (૨) ફોર વ્હીલ ડ્રાઈવર. વાઈટલ ડેન્ટ કેર, ભટાર રોડ. મળવાનો સમય સાંજે ૭ વાગ્યે Mo. 9898359719 (689)

**પ્રીમિયમ કોમર્શિયલ પ્રોપર્ટી ભાડેથી / વેચાણથી**
• વરાછા રોડ : હીરાબાગ સર્કલ, મંગલદિપ કોમ્પલેક્ષ, પહેલે માળે ૫૨૮૦ સ્કે. ફીટ કારપેટ. હોસ્પિટલ, કોર્પોરેટ ઓફીસને લાયક.
દલાલ આવકાર્ય.
93138-06341

**પ્રિન્ટીંગના મશીન**
કામ માટે માણસો જોઈએ છે કમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર 20 થી 25 વર્ષ 6353685196 ઘોડદોડ રોડ સુરત.

**પેટ્રોલ પંપ પર કામ**
કરવા માટે છોકરાઓ/ છોકરીઓ જોઈએ છે ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો.9157675490, 7041801379 (688)

**TAX Advocateની**
ઓફિસ માટે કોમ્પ્યુટર જાણકાર FEMALE / MALE કૈલાસનગર, સગરામપુરા, સુરત. મો.9173713932

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત ભાડેથી**

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

**મિલ્કત વેચવાની છે**

**5 BHK Independent**
બંગલો વિશ્વકર્મા સોસાયટી, બિલીમોરામાં વેચવાનો છે. ગૌહરબાગમાં પ્લોટ 2000 બાંધકામ 4000 Sqft. 1.11 બજેટ 7698221583 (690)

**મકાન વેચવાનું**
નવું બાંધકામ ત્રણ માળ આસપાસ મંદિર 32 લાખ મયુર - 8488968543

**લગ્ન વિષયક**

**સુરત રહેતી 33 વર્ષની**
બ્રાહ્મણ Doctor યુવતી માટે Educated યુવક આવકાર્ય 9512318416

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*